## પૂરક અનુદાન માટેની માગણીના સંબંધમાં રીત
## (નિયમ-૨૩૪)

સચિવ : માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૮૬

માનનીય નાણા મંત્રીશ્રી,

નાણામંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂ.૪,૪૪,૨૩,૧૯,૦૦૦ને મૂડી ખર્ચ માટે રૂ. ૩,૦૦,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક- ૮૬ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : પૂરક માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ પૂરક માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૧ થી ૩)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૯

માનનીય નાણા મંત્રીશ્રી,

નાણામંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂ.૫૨,૦૧,૮૬,૫૫,૦૦૦ને મૂડી ખર્ચ માટે રૂ. ૨,૦૦,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક- ૯ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : પૂરક માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ પૂરક માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૪ થી ૧૦)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૨૨

માનનીય નાણા મંત્રીશ્રી,

નાણામંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂા.૧,૫૨,૨૩,૮૧,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક - ૨૨ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : પૂરક માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ પૂરક માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. (૧૧)

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૭૪

માનનીય નાણા મંત્રીશ્રી,

નાણામંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂા.૧,૩૦,૦૬,૧૪,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક - ૭૪ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : પૂરક માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ પૂરક માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. (૧૨)

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૯૬

માનનીય નાણા મંત્રીશ્રી,

નાણામંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂ.૧૫,૨૧,૨૫,૯૭,૦૦૦ને મૂડી ખર્ચ માટે રૂ. ૧૧,૦૦,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક - ૯૬ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : પૂરક માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ પૂરક માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૧૩ થી ૧૫)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારના ૧૦-૦૦ થી ૨-૩૦ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં પૂરક માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. તદ્દનુસાર બપોરના ૦૧-૩૦ વાગ્યે જે પૂરક માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હશે તે, તેમજ બાકીની બીજી બધી જ પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

ત્યાર બાદ સભ્યશ્રીઓના વકતવ્યો

બંને પક્ષના દંડક તરફથી મળેલ યાદી મુજબ

સભ્ય : કોંગ્રેસ ..........................................

સભ્ય : ભાજપ ..........................................

સભ્ય : કોંગ્રેસ ..........................................

સભ્ય : ભાજપ .........................................

મંત્રી : છેલ્લે મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપશે.

## પૂરક માગણીઓ પર મતદાન સંબંધમાં રીત

અધ્યક્ષ : હવે હું પહેલા પૂરક માગણીઓ પરની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત માટે મૂકીશ. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડી વાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "ના" કહેનારાની બહુમતી છે. (થોડીવાર રહીને) "ના" કહેનારાની બહુમતી છે. રજૂ થયેલ તમામ કાપ દરખાસ્તો નામંજૂર કરવામાં આવે છે.

અધ્યક્ષ : હવે હું પૂરક માગણીઓ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે, પૂરક માગણી ક્રમાંક: <u>૮૬, ૯, ૨૨, ૭૪</u> અને <u>૯૬</u> મંજૂર રાખવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડી વાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે. (થોડી વાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે. (થોડી વાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવે છે.

મંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હવે બાકી રહેલ પૂરક માગણી ક્રમાંક : ૧, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૨૧, ૨૩, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૩, ૪૪, ૪૬, ૫૦, ૫૩, ૫૪, ૫૬, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૦, ૭૧, ૭૩, ૭૬, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૨, ૯૩, ૯૫, ૯૮, ૧૦૩ અને ૧૦૬ રજૂ કરું છું. (ગિલોટીનની માગણીઓ)

અધ્યક્ષ : હવે હું માન. મંત્રીશ્રીએ રજૂ કરેલી બાકી રહેતી તમામ પૂરક માગણીઓ મત માટે મૂકું છું. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે, જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે, મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતિ છે. "હા" કહેનારાની બહુમતિ છે. રજૂ થયેલી પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવે છે.

**(બેઠક સમાપ્તિની જાહેરાત)**